## ૨. દીનાનાથની દાઝો

### (ઢાળ ૧ લો)

દીનાનાથ દયાળ હવે હેતે કરજો દયા રે;
ત્રિગુણાતીત મને તરછોડી દોડી ક્યાં ગયા રે,
સમજ્યો નહિ હું સ્વાર્થ સર્યામાં, નાથચરણમાં ચિત્ત ધર્યાંમાં;
નથી ભર્યા મારામાં દોષ ક્યા ક્યા રે. દીના૦ ૧
થાક્યો ભવઅટવીમાં ભટકી, અંતે સાવ રહ્યો હું અટકી;
મારાથી છટકીને ક્યાં છાના રહ્યા રે. દીના૦ ૨
આપ વિના આધાર ન મારો, પ્રભુ સંકટથી પાર ઉતારો,
સેવકને સંભારો, કપટી કાં થયા રે. દીના૦ ૩
કરુણાસાગર કેમ તપાવો, બહુ મૂંઝાણો માર્ગ બતાવો;
કેશવ હરિ આવા સંતાપ ઘણા સહ્યા રે. દીના૦ ૪

### (ઢાળ ૨ જો)

અંતર્યામી ક્યાં જાશો, નહીં જવા દઉં હરિ રે;
હઠથી હું રાખીશ, હવે મનમંદિરમાં ધરી રે. એ ટેક૦
મોહન તમને ઘણા મનાવું, ઘર મેલીને ન ઘટે જાવું;
નિર્દય આમ ન થાવું, પ્રભુપદ વીસરી રે. અંતર૦ ૧
રીઝવવાની રીત ન જાણું, મનગમતી રીતે વરતાણું;
મન ગભરાણું, બીજી કાશ કરી કરી રે. અંતર૦ ૨

જેવો તેવો તોએ તમારો, તજવાથી નહીં આવે આરો;
દીનાનાથ ઉગારો, રખડયો પેટ ભરી ભરી રે. અંતર૦ ૩
અંધ થયો હું અજ્ઞપણેથી, પાસે છો પણ ન જડયા તેથી;
કેશવ થાકયો એથી., ફોગટ ફરી ફરી રે અંતર૦ ૪

(ઢાળ ૩ જી)

મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે;
પ્યારા પોતાનો જાણીને, પ્રભુ પદ પાળજો રે. એ ટેક૦
પથ્યાપથ્ય નથી સમજાતું, દુ:ખ સદૈવ રહે ઊભરાતું;
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે. મારી ૧
અનાદિ વૈદ્ય આપ છો સાચા, કોઈ ઉપાય વિષે નહીં કાચા;
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે. મારી૦ ૨
વિશ્વેશ્વર શું હજી વિચારો, બાજી હાથ છતાં કાં હારો;
મહા મૂંઝારો મારો નટવર ટાળજો રે. મારી૦ ૩
કેશવ હરિ મારું શું થાશે, ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે;
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે. મારી૦ ૪

(ઢાળ ૪ થી)

મારા હાથ પડયા છે હેઠા, હરિ હું શું કરું રે;
શરણે આવ્યો છું કરુણાકર, કરશો તે ખરું રે. એ ટેક.
કયાં સંતાયા કુશલકરાણી, તરણી નટવર જાય તણાણી;
ભાઠે હાય ભરાણી, કઈ રીતે તરું રે મારા૦ ૧
થતું હશે શું સમજણ ન પડે, ગોતું પણ માર્ગ મને ન જડે;
ભવસાગરનાં દુ:ખ વડે, હૃદયે ડરું રે મારા૦ ૨
ધરણીધર શું ધાર્યું મારું, રટણ કરું છું નિત્ય તમારું;
આવડું શું અંધારું, મરણ વિના મરું રે. મારા૦ ૩

સાધન સર્વ ગયાં છે ખૂટી, કપટી કાળે માર્યો કૂટી;
બગડયાની નહીં બૂટી, ઠાકર ક્યાં ઠરું રે. મારા૦ ૪
અતિ તાપથી તપી રહ્યો છું, ભાગ્યકઠથી અંધ થયો છું;
ભૂલી ભાન ગયો છું, ધીરજ શું ધરું રે. મારા૦ ૫
અદ્‌ભુત માયા નાથ તમારી, મન વાણી નહિ પોંચે મારી;
કેશવ હરિ હારી, ફટકેલ થઈ ફરું રે. મારા૦ ૬

(ઢાળ ૫ મી)

મારી લાજ તમારે હાથે, નાથ નિભાવજો રે;
દીનાનાથ દયાળ દયા, અદ્‌ભુત દર્શાવજો રે. એ ટેક.
સંકટથી શોષાઉં મુરારી, લેજો અંતર્યામી ઉગારી;
હવે ગયો છું હારી, બાપ બચાવજો રે. મારી૦ ૧
કર્મકઠણ, માઠા ગ્રહ બેઠા, હાથ પડ્યા છે હમણાં હેઠા;
પરમેશ્વર ક્યાં પેઠા, પણ પરખાવજો રે મારી૦ ૨
અહિત અને હિતમાં અણસમજુ, કૃત્યાકૃત્ય વિષે શું સમજું;
ભજુ તજું શું માધવ, માર્ગ બતાવજો રે મારી૦ ૩
કેશવ હરિ હેતે સંભારું, પ્રભુપદ હોય હજી જો પ્યારું
મંગલ કરવા મારું, અંગદ આવજો રે. મારી૦ ૪

(ઢાળ છઠ્ઠી)

હઠ લઈ બેઠા છો હરિરાય, હવે હદ થાય છે રે;
જગદીશ્વરજી જન્મ જડેલો, નિષ્ફળ જાય છે રે. એ ટેક.
શો અપરાધ થયો છે સ્વામી, પૂછું છું પ્રાણેશ્વર શિરનામી;
અંતર્યામી અતિ અંતર, ઊભરાય છે રે. હઠ૦ ૧
છે ભગવાન મને ભય ભારે, આપ વિના નહિ કોઈ ઉગારે;
આ સંસારે અધવચ વહાણ, તણાય છે રે. હઠ૦ ૨

ઘણા ઘણાની વહારે ધાયા, સેવકને ટાણે સંતાયા;
માધવ ન કરો માયા, નયન ભરાય છે રે. હઠ૦ ૩
કેશવ હરિ બહુ કઠણ ન થાશો, નિર્દય થઈને દૂર ન જાશો;
પ્રિય કરુણામૃત પાશો, જીવન જાય છે રે. હઠ૦ ૪

(ઢાળ સાતમી)

જોને જોને જાગી, જીવન વીતી જાય છે રે;
મિથ્યા માયામાં શું ઠાલો, ઠોઠ ઠગાય છે રે. એ ટેક.
ધામ, ધરા, ધન ક્યાં છે તારાં, પીડા કરનારાં છે પ્યારાં;
અંતે તે છે ન્યારાં, કોણ સ્હાય છે રે. જોને૦ ૧
મારું મારું મિથ્યા કરતો, ફૂલણજી થઈને તું ફરતો;
સ્વાર્થ નથી લવ સરતો, ઊંધો ધાય છે રે. જોને૦ ૨
અંધ થઈ અવળો આથડતો, જ્યાં ત્યાં ઠોકર ખાતો પડતો;
હર્ષ શોકથી રડતો, બહુ રગડાય છે રે. જોને૦ ૩
આજ જાળ કરી દે અળગી, વ્હાલા કેમ રહ્યો વળગી;
ઘર ઊઠયું છે સળગી, શું મલકાય છે રે. જોને૦ ૪
વિષયોમાં રમશું રઘવાયા, એથી કોઈ નથી જ ધરાયા;
દોષદષ્ટિથી ડાહ્યા, શાંત થવાય છે રે. જોને૦ ૫
અમૃત જે લાગે છે આગળ, તે વિષયરૂપ બને છે પાછળ;
છટકેલા છળકપટ વડે, દંડાય છે રે. જોને૦ ૬
દુઃખદાયી સંસાર ઠર્યો છે, વિનય, વિવેક, વિચાર કર્યો છે;
સમજે તેજ તર્યો છે, ઈતર તણાય છે રે. જોને૦ ૭
સમ, દમ, સાધન સુખનાં સજવાં, કામ, ક્રોધ, લોભને તજવા;
કેશવ હરિને ભજવા, એ જ ઉપાય છે રે. જોને૦ ૮

## (ઢાળ આઠમી)

સદ્‌ગુરુશરણ વિના, અજ્ઞાન તિમિર ટળશે નહિ રે;
જન્મમરણ દેનારું, બીજ ખરું બળશે નહિ રે. એ ટેક.

પ્રેમવચનામૃત પાન વિના, સાચા ખોટાના ભાન વિના;
ગાંઠ હૃદયની જ્ઞાન વિના, ગળશે નહિ રે. સદ્‌૦ ૧

શાસ્ત્રપુરાણ સદા સંભારે, તનમન ઈન્દ્રિય તત્પર વારે;
વગર વિચારે વળમાં, સુખ મળશે નહિ રે. સદ્‌૦ ૨

સત્ત્વ નથી મારા તારામાં; સુજ્ઞ સમજ નરસા સારામાં;
સેવક, સુત, દારામાં, દિન વળશે નહિ રે. સદ્‌૦ ૩

કેશવ હરિની કરતાં સેવા, પરમાનંદ બનાવે તેવા;
શોધ વિના સજ્જન એવા, મળશે નહિ રે. સદ્‌૦ ૪

## (ઢાળ નવમી)

પ્રભુના ભજન વિના બંધન તારું, ટળવું નથી રે,
માનવ તન ખોયું તો તે, પાછું મળવું નથી રે. એ ટેક.

ધન, જન, યૌવન કેરા વળમાં, છટકી છંડાયો જો છળમાં;
તો બળમાં અજ્ઞાન કદી, બળવું નથી રે. પ્રભુ૦ ૧

ધ્યાન સદા વિષયોનું ધરતાં, દાન, પુણ્યનો પંથ વિસરતાં;
ખોટી ખટપટ કરતાં, સુખ વળવું નથી રે. પ્રભુ૦ ૨

ભવસાગર તરવાનું બારું, હરિના શરણ થકી શું સારું;
મારું તારું પ્રાણ કશું, પળતું નથી રે. પ્રભુ૦ ૩

કાળ ફરે છે નિશદિન માથે, જાગીને જો હિત છે હાથે;
કેશવ હરિજન સાથે, શું હળવું નથી રે! પ્રભુ૦ ૪

(ઢાળ ઢશામાં)

સાચી વાત સખી સમજાવું, તુને સાનમાં રે,
ખોટું મોટપણું મેલી દે મિથ્યા માનમાં રે. એ ટેક.
ધામ, ધરા, ધન સાથ ન આવે, સ્નેહ અને સંબંધ સનાવે;
સુત દારાદિક તને નચાવે, તાનમાં રે. સાચી૦ ૧
પુણ્ય વડે માનવ તન પામી, વામી થઈ બેઠો છે કામી;
ખલ તારી તે ખામી, કહું છું કાનમાં રે. સાચી૦ ૨
નામ, રૂપ સર્વે નિષ્ફલ, બહુ કોને દેખાડે છે બલ;
જીવન ચલ જલબિંદુ પડેલું, પાનમાં રે. સાચી૦ ૩
વિનય, વિવેક, વિચાર કરીને, તર ભવસાગર પુણ્ય કરીને;
ભાવ ધરીને કેશવ, હરિ ભગવાનમાં રે. સાચી૦ ૪

---

## ૩. આપ સ્વભાવનું પદ

આપ સ્વભાવમાં રે અબધુ સદા મગનમેં રહેના;
જગત જીવ હે કર્માધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦ ૧
તુમ ન કિસીકા કોઈ નહિ તેરા, ક્યા કરે મેરા મેરા;
તેરા હે સો તેરી પાસે, અવર સબે અનેરા. આપ૦ ૨
વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઈનકા વિલાસી!
વપુસંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦ ૩
રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આપ૦ ૪
પારકી આશા સદા નિરાશા, એ હે જગજન પાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા આપ૦ ૫
કબહીક કાજી, કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી. આપ૦ ૬